Trust Regd. No : E/17046, Ahmedabad.
Dated : 28/01/2005

# શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ

## વાર્ષિક અહેવાલ

## ૨૦૨૩-૨૪









# શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટનો વાર્ષિક અહેવાલ : ૨૦૨૩-૨૪

વર્ષ ૨૦૨૩ – ૨૪ દરમિયાન શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ (SHBCT) શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે, ધોળકા અને તેની આસપાસના ૩૪ ગામોમાં પ્રવૃત્ત રહ્યું. આ અંગેનો અહેવાલ અહીં રજૂ કરવામાં આવ્યો છે.

**ટ્રસ્ટનું Vision :** આવનારા વર્ષોમાં ગ્રામીણ યુવાધન રાષ્ટ્રના નવ નિર્માણમાં મહત્વનું યોગદાન આપી શકે તે માટે પ્રાથમિક શાળાથી જ બાળકની સર્જનાત્મક શક્તિ અને તેનો આત્મ વિશ્વાસ વિકસે તે માટે અભ્યાસક્રમને કેન્દ્ર સ્થાને રાખીને શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ, પૂરક શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરશે.

**ટ્રસ્ટનું Mission** : ગ્રામીણ વિસ્તારમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની સુષુપ્ત સર્જનાત્મકતા અને જિજ્ઞાસાવૃત્તિને ઉજાગર કરવા શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ, પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ સંબંધિત શૈક્ષણિક કાર્ય કરશે.

**સંતોકબા હોસ્પિટલ ટ્રસ્ટનું Mission** : શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હોસ્પિટલ, ધોળકા અને તેની પડોશમાં રહેતી આર્થિક રીતે નબળી ગ્રામીણ પ્રજાની આરોગ્ય સુખાકારી અંતર્ગત સ્ત્રીરોગ, બાળરોગ અને અન્ય રોગ માટેની અદ્યતન તબીબી સેવાઓ પુરી પાડશે. હોસ્પિટલમાં, આ સેવાઓ આપતાં તજજ્ઞો અને સ્ટાફના સભ્યો દર્દીની સારવાર દરમિયાન અનુકંપા અને પારદર્શિતા દાખવતો વ્યવહાર કાયમ માટે જાળવશે.

ટ્રસ્ટના ના Vision અને Mission ને ધ્યાને રાખી અમો ટ્રસ્ટીગણ ડૉ. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન, અગસ્ત્ય ફાઉન્ડેશન, લોક ભારતી ગ્રામ વિદ્યાપીઠના માર્ગદર્શન અને સહકાર માટે આભારી છીએ. આ ત્રણે ટ્રસ્ટના સક્રિય સહકારથી અમને અમારા Mission ના ધ્યેયને હાંસલ કરવામાં પૂરક બળ સાંપડ્યુ છે. તેઓના મહત્વના યોગદાન માટે અમે તેમનાં ઋણી રહીશું.

## ડૉ. કે.આર. શ્રોફ ફાઉન્ડેશનના સહકારથી ૧૨ ગ્રામ્ય શાળાઓમાં કરેલી પ્રવૃત્તિઓની વિગત

અગાઉના વર્ષોમાં આ શાળાઓ સાથેની ટ્રસ્ટની પ્રવૃત્તિઓ સંબંધે બાળકોમાં વાંચન, ગણન અને લેખનમાં નબળાઈ જોવા મળી હતી. કોરોનાના બે વર્ષ દરમ્યાન શાળાઓ બંધ રહી આથી આ નબળાઈ, વર્તમાન શૈક્ષણિક વર્ષ દરમ્યાન ધોરણ ૨ અને ૩ માં વધુ ઘેરી બની. પાયાની નબળી સમજ આગળના અભ્યાસને અસંભવ બનાવે તેથી આ પાયાની ક્ષતિને દૂર કરવા માટે શ્રોફ ફાઉન્ડેશને "બ્રીજ કોર્સ" નામના એક અભ્યાસક્રમ અને તેને શીખવવા માટેની શિક્ષકોની તાલીમ અંગેની યોજના ઘડી. સાથે "બ્રીજ કોર્સ" ના શિક્ષણથી દરેક બાળકનો શું વિકાસ થયો છે તેનું મૂલ્યાંકન કરવા S2T2 નો એક Software પણ બનાવ્યો.



બ્રીજ કોર્સ દરમિયાન ચિત્ર પર થી અક્ષર પરિચય ની પ્રવૃત્તિ કરતા વિદ્યાર્થીઓ

ટ્રસ્ટે ડૉ. કે.આર. શ્રોફ ફાઉન્ડેશનની પધ્ધતિને અપનાવી. આ પધ્ધતિ અનુસાર દરેક શાળા દીઠ એક શિક્ષકને (Education Co-ordinator - EC તરીકે) નીમવામાં આવ્યા.

આ પધ્ધતિ અપનાવ્યા બાદ સમયાંતરે દરેક વિદ્યાર્થીનું મૂલ્યાંકન થઈ શકે તે માટે વાંચન, ગણન અને લેખનથી પરીક્ષા EC દ્વારા લેવામાં આવતી. પરીક્ષાના ગુણાંક શ્રોફ ફાઉન્ડેશનના પોર્ટલ પર મુકવામાં આવતા. દર શિક્ષક દીઠ લગભગ ૫૦ વિદ્યાર્થીઓને "બ્રીજ કોર્સ" શીખવવામાં આવતો. મૂલ્યાંકન દરેક વિદ્યાર્થીનું થતું જે EC સમયાંતરે જોઈ શકતા અને તેથી તેની નબળાઈ દૂર કરવા યોગ્ય પગલાં લઈ શકતા.

"બ્રીજ કોર્સ" ઉપરાંત મેઈન કોર્સ એટલે કે જે તે ધોરણના અભ્યાસક્રમ મુજબની કસોટી / પરીક્ષા સમયાંતરે લેવામાં આવે છે. આ કસોટીના પરિણામ પોર્ટલ પર Upload કરવામાં આવે છે. આ પ્રમાણે શિક્ષક દરેક વિદ્યાર્થીનો સમયાંતરે કેટલો વિકાસ થયો તેનું સ્પષ્ટ મૂલ્યાંકન કરી શકે છે. બાળકને તેની નબળાઈ ક્યા વિષયમાં છે તે પારખીને નબળાઈના વિષયોમાં પુનરાવર્તન કરાવી વિષય અંગેની સ્પષ્ટ સમજ આપી શકે છે. ધોરણ ૩ થી ૫ માં અભ્યાસ કરતા ૭૫૬ વિદ્યાર્થીઓને બ્રીજ કોર્સ દ્વારા વાંચન, ગણન અને લેખનમાં પારંગત કર્યા.



બ્રીજ કોર્સ દરમિયાન મીકાડો નામની રમત દ્વારા સરવાળા શીખતા વિદ્યાર્થીઓ

# અગસ્ત્ય ફાઉન્ડેશન : પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ

## LOB (Lab On Bike) ગણિત વિષય માટે

નિયુક્ત શિક્ષક ૧૨ ગ્રામ્ય શાળાઓમાં અગસ્ત્ય ફાઉન્ડેશનની ગણિત વિષયની અભ્યાસ કીટને મોટર બાઈક પર લઈ જઈ, મહિનામાં બે વાર એક શાળાની મુલાકાતે જાય છે. અભ્યાસક્રમમાં સમય પ્રમાણે શીખવાતા એકમની અસરકારકતા વધે અને વિદ્યાર્થીઓને "Hands on experience" મળે તેથી તે સમયે શીખવવામાં આવતા એકમ પ્રમાણે અગસ્ત્યની અભ્યાસ કીટ દ્વારા વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ શિક્ષણ આપવામાં આવે છે.

ટ્રસ્ટના શિક્ષકની દરેક શાળાની મુલાકાત દરમ્યાન, અભ્યાસ કીટ બાળકોના જૂથને આપવામાં આવે છે. શિક્ષક એક નિરીક્ષક અને સહાયક તરીકે આવા ૪ થી ૫ જૂથને અભ્યાસ કીટની મદદથી અંતિમ પરિણામ તરફ દોરવણી આપતો જાય છે.






અગસ્ત્ય ફાઉન્ડેશન દ્વારા નિર્મિત અભ્યાસ કીટ ની મદદથી ગણિત શીખતા વિદ્યાર્થીઓ

અભ્યાસ કીટના સાધનથી બાળકો અંતિમ પરિણામ પ્રત્યક્ષ અનુભવી શકે છે આથી બાળકોની જિજ્ઞાસા વૃત્તિ તો ઉજાગર થાય જ છે પરંતુ વિદ્યાર્થીઓ તે વિષય અંગેના સિધ્ધાંતોની સાચી સમજ પણ મેળવે છે.

ધોરણ ૬ થી ૮ ના ૮૮૯ **વિદ્યાર્થીઓએ** આ પ્રવૃત્તિનો લાભ લીધો હતો.

## LOB (Lab On Bike) વિજ્ઞાન વિષય માટે

ઉપર જણાવેલ ૧૨ ગ્રામ્ય શાળાઓ ઉપરાંત ટ્રસ્ટ અન્ય ૨૨ ગ્રામ્ય શાળામાં વિજ્ઞાન વિષયના અભ્યાસ કીટ થી ભૌતિક, રાસાયણિક અને જીવ વિજ્ઞાનના સિધ્ધાંતો બાળક સહેલાઈથી આત્મસાત કરી શકે તે માટે ટ્રસ્ટે બે શિક્ષકોની નિમણુંક કરી છે. આ શિક્ષકો મોટર બાઈક પર અભ્યાસ કીટ લઈને એક મહિનામાં બે વાર એક શાળાની મુલાકાત લે છે.



પ્રકાશનો પડછાયો કેવી રીતે રચાય તે સિધ્ધાંત સમજાવી રહ્યા છે.

વિજ્ઞાન અંગેની અભ્યાસ કીટ, આ વિષયની કેળવણીને વધુ દ્રઢ બનાવવામાં ખૂબ અસરકારક પુરવાર થયું છે. ધોરણ ૬ થી ૮ ના **૨૯૯૨ વિદ્યાર્થીઓએ** આ પ્રવૃત્તિનો લાભ લીધો હતો.

## ટ્રસ્ટ દ્વારા સહઅભ્યાસિક શૈક્ષણિક પ્રવૃત્તિઓ :

આ તમામ ગ્રામ્ય શાળાઓના બાળકોના અભ્યાસ ઉપરાંત બૌધ્ધિક અને સામાજિક રીતે વિકાસ થઇ શકે તે માટે, વર્ષ દરમ્યાન અમારા ટ્રસ્ટે બાળકોને સતત પ્રોત્સાહિત કર્યા છે. આ અંગે નીચે મુજબની વિવિધ પ્રવૃતિઓ વર્ષ દરમ્યાન આયોજિત કરી તેને અમલમાં મુકી છે.

## વિવિધ પ્રવૃત્તિઓ

- ભાવનગરની વિકાસ વર્તુળ સંસ્થામાં લેવાતી રાજ્યસ્તરની GK-IQ (સામાન્ય જ્ઞાન – બુધ્ધિ કસોટી) જેમાં ૩૫૩ વિદ્યાર્થીઓને ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા.
- **૭૦૦ વિદ્યાર્થીઓને** એક દિવસનો શૈક્ષણિક પ્રવાસ કરાવ્યો જેમાં ગુજરાત સાયન્સ સીટીની મુલાકાત કરાવી.




સાયન્સ સીટી ના શૈક્ષણિક પ્રવાસ દરમ્યાન Robotics Gallery ખાતે Robot Fight નીહાળતા વિદ્યાર્થીઓ

- નાની ઉંમરના **૫૨૩ વિદ્યાર્થીઓને** પક્ષી અભ્યારણ નળ સરોવરની મુલાકાત કરાવી.
- માતૃભાષા ગૌરવ દિન નિમિત્તે સ્પર્ધાઓ કરાવી જેમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. માતૃભાષાની ગરિમા વધારવાનો આ અમારો નમ્ર પ્રયાસ હતો.
- રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે વિજ્ઞાન અને ગણિત વિષયને અનુરૂપ ૨૬૭ મોડલ (સ્વયં વિદ્યાર્થીઓએ તૈયાર કરેલા) ની રજુઆત થઈ.
- આ ઉપરાંત સ્વ. પ્રભાવતીબહેન ભગવતી કન્યા કેળવણી શિષ્યવૃત્તિ સહાય યોજના હેઠળ પ્રોજેક્ટની શાળાઓમાંથી **૮૨ વિદ્યાર્થીનીઓ** જે આગળના અભ્યાસ (ધોરણ ૯ અને ધોરણ ૧૦) માટે અન્ય શાળાઓમાં જોડાઈ છે તેમને આર્થિક સહાય પેટે રૂા. ૮૨૦૦૦/– વર્ષ દરમ્યાન આપવામાં આવ્યા છે.

## આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, માયધાર (Aavishkar Science Center)

શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકાના અંતરિયાળ ગામ માયધાર ખાતે પંડિત સુખલાલજી લોક વિદ્યાલય કેન્દ્રના પરિસરમાં જુન-૨૦૧૯ થી આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર નો શુભારંભ થયો છે.

આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, માયધારની આજુબાજુના પાલિતાણા, તળાજા અને શિહોર તાલુકાની ગ્રામીણ વિસ્તારની ૬૫ થી પણ વધુ સરકારી અને બિન-સરકારી પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ સ્વખર્ચે આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રમાં આવીને તેમના વિજ્ઞાન વિષયના અભ્યાસક્રમના પાઠ માં આવતી વિવિધ પ્રવૃત્તિઓ જાતે કરીને વિજ્ઞાનના સિધ્ધાંતોને શીખે છે.



આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર ખાતે વિજ્ઞાનની પ્રવૃત્તિનું નિદર્શન કરતા શિક્ષક




3D મશીનથી બનાવેલ પ્રાણીઓના મોડેલ

આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રમાં તાલીમ બધ્ધ યોગ્ય શૈક્ષણિક લાયકાતવાળા અને અનુભવી વિજ્ઞાન વિષયના શિક્ષકો દ્વારા પ્રવૃત્તિ આધારિત વિજ્ઞાન વિષયનું શિક્ષણ આપવામાં આવે છે.

વર્ષ દરમ્યાન આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રમાં 3D પ્રિન્ટર મશીન મુકવામાં આવ્યું છે. વિદ્યાર્થીની સર્જનાત્મકતાને ઉજાગર કરવા આ સાધન ખૂબ ઉપયોગી થશે.

# શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હોસ્પિટલ, ધોળકા

આજથી ૫૫ વર્ષ પહેલા, શ્રી શ્યામલાલ ભગવતી અને શ્રી હીરાલાલ ભગવતીએ મહાજન પ્રથા અનુસાર તેમના ધંધાના નફાના એક ભાગનું રોકાણ કરી, ધોળકા નગરપાલિકાના સહયોગથી ધોળકામાં શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હોસ્પિટલની સ્થાપના કરી હતી.

વડીલોની આ પરંપરાને જાળવી રાખવા, ગત વર્ષ દરમ્યાન હોસ્પિટલનું નવીનીકરણ કરી તેને અદ્યતન સાધનોથી અને નિષ્ણાંત તજજ્ઞોથી સજ્જ કરી છે. ગરીબ વર્ગના દર્દીઓને અમદાવાદની હોસ્પિટલમાં જે સેવાઓ મળે તેવી જ સેવાઓ રાહત દરે ઉપલબ્ધ થઈ શકે તે માટેનો અમારો પ્રયાસ છે.

આ હોસ્પિટલમાં પ્રસૂતિ અને સ્ત્રીરોગના દર્દીઓની સારવાર, બાળરોગ નિદાન અને તેને લગતી સારવાર, ફીઝીશીયન, X - Ray વિભાગ, સોનોગ્રાફી વિભાગ જેને માટે નિષ્ણાંત રેડીયોલોજીસ્ટ ડૉક્ટર, ચામડીના રોગ અંગેની સારવાર તેમજ માનસિક રોગ તથા ઓર્થોપેડીક રોગ માટેના તજજ્ઞોની સેવાઓ આપવામાં આવે છે. સ્ત્રી રોગ અને પ્રસૂતિ રોગના નિદાન અને તેની સારવાર માટે બે તજજ્ઞ ડૉક્ટરની નિમણુંક કરવામાં આવી છે જેથી ૨૪ કલાક દર્દીઓને સેવા મળી શકે બાળકો માટે NICU ની અદ્યતન સેવાઓ ઉપલબ્ધ છે અને તે અંગેના ડૉક્ટર ની પણ ૨૪ કલાક હાજરી હોસ્પિટલમાં હોય છે.

ધોળકા અને આસપાસના ૪૨ ગામોમાં સર્વરોગ નિદાન કેમ્પ નિયમિત રીતે આયોજીત કરવામાં આવે છે. આ કેમ્પમાં આવનાર દર્દીને કેમ્પમાં ઉપસ્થિત ડૉક્ટર તબીબી તપાસ બાદ યોગ્ય સલાહ આપે છે. તેને જરૂરી દવા અથવા તો પેથોલોજીકલ ટેસ્ટ, ECG વગેરે સેવાઓ હોસ્પિટલમાં ઉપલબ્ધ હોવાથી વિનામૂલ્યે આપવામાં આવે છે. વર્ષ દરમ્યાન **૪૭૬૫ દર્દીઓએ** આ સેવાનો લાભ લીધો છે.

નવીનીકરણ અને નિષ્ણાંત ડૉક્ટરોની ઉપલબ્ધ સેવાઓને કારણે OPD માં વર્ષ દરમ્યાન **૫૬૨૩૦ દર્દીઓને** વૈદકીય સેવાઓ આપવામાં આવી. હોસ્પિટલમાં પ્રસૂતિનો અગાઉના વર્ષ કરતા ૧૦ ટકા વધારો જોવા મળ્યો. મહિના દીઠ સરેરાશ **૧૮૬ બાળકોનો** જન્મ થયો. બાળકોની OPD અને NICU સેવામાં પણ નોંધપાત્ર વધારો નોંધાયો.



હોસ્પિટલ ખાતે નવજાત શિશુઓ માટે આધુનિક સાધનો અને સુવિધાઓથી સજ્જ NICU રૂમ

વ્યંધત્વના ઓપરેશન હોસ્પિટલમાં ઓછી પીડા સાથે થઈ શકે તે માટે Laparoscopy Surgical Procedure, દ્વારા કરવામાં આવે છે. આ આધુનિક અને ઓછી પીડાદાયક ઓપરેશન કરવાની Procedure ને કાયમી કરવા નવા સાધનોમાં આગામી વર્ષમાં, હોસ્પિટલ રોકાણ કરશે.

## આભાર દર્શન

**અમારા ટ્રસ્ટના વિવિધ લોક ઉપયોગી કાર્યક્રમો અને પ્રવૃત્તિઓના આયોજન અને અમલીકરણમાં નીચે જણાવેલ સંસ્થાઓ અને મહાનુભાવોનો સાથ – સહકાર પ્રાપ્ત થયો છે તે બદલ અમે ટ્રસ્ટીગણ સૌનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.**

- શ્રી પ્રતુલભાઈ શ્રોફ, ડૉ. કે. આર. શ્રોફ, ફાઉન્ડેશન, અમદાવાદ
- શ્રી ઉદયભાઈ દેસાઈ, ડૉ. કે. આર. શ્રોફ, ફાઉન્ડેશન, અમદાવાદ
- અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, બેંગ્લોર, કર્ણાટક.
- શ્રી કિરીટસિંહ ડાભી, ધારાસભ્યશ્રી, ધોળકા
- ડૉ. અરૂણભાઈ દવે, મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, લોક ભરતી સણોસરા, જિ. ભાવનગર
- ડૉ. ભાવના બહેન પાઠક, પંડિત સુખલાલજી લોક વિદ્યાલય કેન્દ્ર, માયધાર, જિ. ભાવનગર
- સર્વ આચાર્યશ્રીઓ, પ્રાથમિક શાળા ખાત્રીપુર, શેખડી, રનોડા, રીડપુરા, સીમેજ, ભુંભલી, કેસરગઢ, શિહોરીપુરા, વેજલકા, જાખડા, જવારજ અને અરણેજ.
- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ધોળકા, જિ. અમદાવાદ
- શ્રી ખોડુભાઈ એન. પઢિયાર, પ્રમુખશ્રી અમદાવાદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ
- પ્રમુખશ્રી ધોળકા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ, ધોળકા
- ધોળકા નગરપાલિકાના માનનીય પ્રમુખશ્રી તથા ધોળકા નગરપાલિકાના સૌ માનનીય સભ્યશ્રીઓ

**ટ્રસ્ટની વિવિધ પ્રવૃત્તિને આર્થિક સહાય આપનાર સંસ્થા અને વ્યક્તિઓને અમો હૃદયપૂર્વક આભાર માનીએ છે.**

- ઈનસ્પિરોન એન્જિનયરિંગ પ્રા. લિ. અમદાવાદ
- પ્રમોલ ટ્રેડસ હોલ્ડિંગસ પ્રા. લિ. અમદાવાદ
- Truetzschler India Private Limited, Ahmedabad
- Wealth First Portfolio Managers Limited, Ahmedabad
- શ્રીમતી શ્રુતિબહેન પી. શાહ
- શ્રી રાજેશભાઈ રમણીકભાઈ શાહ
- શ્રીમતી માર્ગી દિપકુમાર મોદી
- શ્રી ગીરીશભાઈ આર. પટેલ
- શ્રી ચંન્દ્રકાન્તભાઈ કે. ઠક્કર
- ભગવતી પરિવારના સભ્યો

## શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ
## ધી મુંબઈ પબ્લિક ટ્રસ્ટ કાયદો, ૧૯૫૦ પરિશિષ્ટ - ૮ (જુઓ નિયમ ૧૭-૧)
## તા. ૩૧-૩-૨૦૨૪ ના રોજનું સરવૈયું.

| ફંડ અને જવાબદારીઓ | રકમ (રૂા.) | મિલકત અને અસ્કયામતો | રકમ (રૂા.) |
|---|---|---|---|
| સ્થાપિત ફંડ | ૧,૦૦૧.૦૦ | કાયમી અસ્કયામતો | ૭,૩૭,૭૦૬.૦૦ |
| અંકિત કરેલા ફંડ | ૩૦,૦૦,૦૦૦.૦૦ | રોકડ અને બેંક અવેજ | ૧,૧૨,૧૭,૦૧૧.૦૮ |
| ઉપજ અને ખર્ચ ખાતું | ૯૦,૭૧,૯૫૭.૬૪ | અન્ય ચાલું અસ્કયામતો | ૧,૧૮,૨૪૧.૫૬ |
| કુલ | ૧,૨૦,૭૨,૯૫૮.૬૪ | કુલ | ૧,૨૦,૭૨,૯૫૮.૬૪ |

## શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ
## ધી મુંબઈ પબ્લિક ટ્રસ્ટ કાયદો, ૧૯૫૦ પરિશિષ્ટ - ૯ (જુઓ નિયમ ૧૭-૧)
## તા. ૩૧-૩-૨૦૨૪ ના રોજ પુરા થયેલ વર્ષ માટેનો ઉપજ - ખર્ચની હિસાબ

| ખર્ચ | રકમ (રૂા.) | ઉપજ | રકમ (રૂા.) |
|---|---|---|---|
| વહીવટી ખર્ચાઓ | ૧૬,૭૧,૨૧૧.૦૦ | વ્યાજની આવક | ૪,૦૧,૫૧૦.૦૦ |
| ટ્રસ્ટના હેતુઓ અંગેનો ખર્ચ | ૫૦,૩૯,૬૧૯.૪૧ | મળેલ દાન | ૧,૧૪,૯૬,૦૦૦.૦૦ |
| ઘસારા ખાતેની જોગવાઈ | ૧,૮૭,૧૯૪.૦૦ | અન્ય આવક | ૫,૭૭૮.૦૦ |
| ખર્ચકરતાં ઉપજનો વધારો જે સરવૈયામાં લઈ ગયેલ તે | ૫૦,૦૫,૨૬૩.૫૯ | | |
| કુલ | ૧,૧૯,૦૩,૨૮૮.૦૦ | કુલ | ૧,૧૯,૦૩,૨૮૮.૦૦ |

તારીખ : ૧૪-૦૫-૨૦૨૪
સ્થળ : અમદાવાદ

શ્રી પ્રકાશ કે. ભગવતી
શ્રીમતી અંજના પી. ભગવતી
શ્રી અમોલ પી. ભગવતી
શ્રીમતી અમ્રીતા શાહ


સંતોકબા હોસ્પિટલનું ડ્રોન દ્રશ્ય


અદ્યતન પેથોલોજી લેબોરેટરી


Gynec OPD વિભાગ


ડૉ. દિનેશભાઈ મેડીકલ કેમ્પમાં

Trust Regd. No.: E/17046, Ahmedabad.
Dated : 28/01/2005


**સંપર્ક માટેનું સરનામું :**

**શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ**

C/o. શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ
કલિકુંડ રોડ, અટલ સરોવરની સામે, ધોળકા – ૩૮૨ ૨૨૫. જિ. અમદાવાદ.

**હેડ ઓફિસ**

**શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ**

C/o. ઇનસ્પિરોન એન્જિનિયરિંગ પ્રા. લિ., ઓઢવ જીઆઇડીસી પાસે, ઓઢવ,
અમદાવાદ – ૩૮૨ ૪૧૫. ફોન : ૦૭૯ – ૩૦૨૧૨૦૦૦